**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૧૧/૭/૨૦૧૫ શનિવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધીધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૩૯૮/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૩ કેસ કરી ૪૮ વ્યક્તિઓને ઝડપી, ૫૩૩ લીટર દેશી દારૂ, ૭૩ બોટલ ઇગ્લીશ દારૂ, ૦૧ સ્કુટર અને ૦૨ કાર કબજે કરી હતી.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૯૯/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૯૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૧૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણ :-** **સમાચાર યાદી નં.૧૪૦૦/૧૫**

**ખોખરા :** રમેશકુમાર મણીલાલ ડોમોર (રહે.ભગવતીપાર્ક, વિભાગ-૧ શારદાબહેનની વાડી પાછળ, ગોરનો કુવો, ખોખરા) એ તા.૧૦/૭/૧૫ નારોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૮/૭/૧૫ બપોરનાં ૧/૧૫ થી સાંજનાં ૬/૩૦ વાગ્યા દરમ્યાન સેવન ડે સ્કુલ થી રહેણાંક વચ્ચેથી પોતાના પુત્ર કશ્યપને (ઉ.વ.૧૭) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી ડી.એમ.ચૌહાણ ચલાવે છે.

**સોનાનો દોરો ખેંચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૦૧/૧૫**

**ગાયકવાડ હવેલી :** અમીતાબહેન મનુભાઇ પંચાલ (ઉ.વ.૫૮)(રહે.મહાદેવવાળો ખાંચો, દાણાપીઠ ફાયર બ્રીગેડ પાસે, દાણાપીઠ) તા.૯/૭/૧૫ રાતના ૧૧/૦૦ વાગ્યાના સુમારે રાયખડ ચાર રસ્તા થી ખમાસા ચાર રસ્તા તરફ જતાં રાયખડ બી.આર.ટી.એસ.બસ સ્ટેન્ડ પાસેથી પસાર થઇ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ પુરૂષ અમીતાબહેનના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૨૫,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ અમીતાબહેન પંચાલે ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર ડી ગોજીયા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**વાહનચોરી :-** **સમાચાર યાદી નં.૧૪૦૨/૧૫**

**નારણપુરા :** તારાચંદ મોતીલાલ વણઝારા (રહે,પારસનગર કતુરબા સ્કુલની સામે, સોલા રોડ, નારણપુરા) એ તા.૭/૭/૧૫ રાતના ૧૨/૦૦ વાગે એ.ઇ.સી.બ્રીજ પાસે આવેલ ટોરેન્ટ પાવરની દિવાલ નજીક પોતાની બોલેરો પીકઅપ વાન નંબર જીજે.૧.સી.વી.૬૮૬૩ કિંમત રૂપિયા ૨,૫૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી સવારના ૪/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ તારાચંદ વણઝારાએ તા.૧૦/૭/૧૫ નારોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.કે.સોલંકી ચલાવે છે.

**બેદરકારીથી ગર્ભપાત કરાવતાં થયેલ મોત :-** **સમાચાર યાદી નં.૧૪૦૩/૧૫**

**વટવા :** અબુબહેન ડાહ્યાભાઇ ગોહીલ (રહે.માણેકપુરની ચાલી, જલારામ કોમ્પલેક્ષની સામે, મજુરગામ) એ તા.૧૦/૭/૧૫ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે પોતાની પુત્રી દિપીકા (ઉ.વ.૨૯) ને સંતાનમાં બે પુત્રી હતી અને ગર્ભવતી હોઇ, તેનાં પતિ રાજેશભાઇ જેઠાભાઇ સિંઘલ અને સાસુ-સસરા (ત્રણેય રહે.ગાયત્રીનગર, સરખેજ) એકબીજાની મદદગારી કરી, ગર્ભ પરીક્ષણ માટે સોનાગ્રાફી કરાવવા સારુ કાવત્રુ રચી, દિપીકાને તા.૬/૬/૧૫ નારોજ નારોલ, જુની કોર્ટની સામે આવેલ દર્શન હોસ્પીટલ ખાતે ડૉ.મેહુલ પંચાલ દ્વારા જાતીનું ગર્ભ પરીક્ષણ કરાવતાં, ગર્ભમાં છ માસની બાળકી હોવાનું ફલીત થતાં, ભુણનો ગર્ભપાત કરાવતાં ડૉક્ટરની બેદરકારીથી દિપીકાબહેનને આંતરીક ઇજાઓ થતાં, સારવાર માટે અન્ય હોસ્પીટલમાં દાખલ કરતાં, રાતનાં ૧૦/૩૦ વાગે દિપીકાબહેનનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એસ.પટેલ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)